# ૮. ધર્મને લગતાં કર્મકાંડો અને તેનો ફલાતિદેશ

પ્રજાવૃદ્ધિ થવા લાગી અને તેમાં અનેકવિધ સંઘર્ષો પેદા થવા લાગ્યા, અને તે સંઘર્ષોને પરિણામે આજસુધીમાં કેટલાંય માનવકુળો સર્વકાળ માટે સર્વથા ઉચ્છિન્ન પણ થઈ ચૂક્યાં, એ પરિસ્થિતિ શી રીતે અટકે ? એ સંઘર્ષોનું ઉપશમન કેવી રીતે કરી શકાય અને ફરીફરીને એ ભયાનક સંઘર્ષો ઊઠવા જ ન પામે એ એક ઉદાત્ત આશયને લક્ષ્યમાં રાખી, અનેક સાધકોએ એ વિશે જાતઅનુભવ કરીને, વિવિધ સાધનાઓ કરીને અને અનેકવિધ વેદનાઓ સહીને પણ એ સંઘર્ષોને સમૂળ નાબૂદ કરવા માટે જે જે પોતાના અનુભવો વર્ણવ્યા, પોતે દેહ, મન, વાસના-તૃષ્ણા, સ્વાર્થ વગેરેનું પૃથક્કરણ કરીને, એક ચેતનતત્ત્વ અને તેના વિધવિધ આવિર્ભાવો, સર્વત્ર ચેતનતત્ત્વની એકરૂપતા, તેને અનુભવવાના ઉપાયો વગેરેની અતીંદ્રિય શોધો કરીને જે કાંઈ પ્રવચનરૂપે જગત સમક્ષ જણાવ્યું છે, તે બધું અહીં 'ધર્મ'ના નામથી સમજી લેવાનું છે. અધ્ધર રહેલાં સૂર્ય, ચંદ્ર, ગ્રહમંડળ અને તારાગણ તથા અધ્ધર રહેલી પૃથિવી, સમુદ્રો, મોટાં મોટાં ઉત્તુંગ શૃંગવાળા મહાકાય પર્વતો અને નદીઓ—એ બધાં જેમ એક ગુરુત્વાકર્ષણના પ્રબળ પ્રભાવથી પોતપોતાની સમતુલામાં રહે છે, એક દોરાવો પણ ચસકતાં નથી, અને કદાચ ચસકે તો જાણે પ્રલય થવા બેઠો છે એવું જ થાય છે, તે જ રીતે માનવના ચિત્તમાં વાસનાના પ્રવાહો ઊઠતા હોય, વહેતા હોય અને તેને સંઘર્ષ નીપજાવવા પ્રેરતા હોય છતાં જે પ્રવચનના પ્રબળ સંસ્કાર, પ્રબળ ભાવના કે પ્રબળ અનુભવને બળે, માનવ સંઘર્ષમાં ન પડતાં પોતાની માનસિક સમતુલાને સાચવી શકે અને વાસનાના બળવાળા વેગને આપોઆપ નિષ્ફળ કરી મૂકે, તે પ્રવચનના પ્રબળ સંસ્કાર, પ્રબળ ભાવના કે પ્રબળ અનુભવ, માનવને સંઘર્ષ તરફ જતાં ધરી રાખે છે, અટકાવી રાખે છે, ઝાલી રાખે છે. માટે જ તે 'ધર્મ'ના નામને યથાર્થ રીતે યોગ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રચંડ સંઘર્ષ તરફ ધસતા માનવને ધર્મ શી રીતે ધરી રાખે, અટકાવી રાખે છે, એ હકીકત આ નીચેના ઉદાહરણથી સ્પષ્ટ થઈ શકે એમ છે.

એક શેઠને ત્યાં ચિલાતી કરીને એક દાસી હતી. તેનો પુત્ર તે ચિલાતીપુત્ર અથવા ચૈલાતેય. (અહીં સરળતાને માટે તેનું નામ ચેલૈયો ઠીક પડશે.) એ ચેલૈયો એક શેઠને ત્યાં ચાકરીએ રહ્યો. શેઠની એકની એક સુસુમા નામની છોકરીને સાચવવાનું ચેલૈયાનું ખાસ કામ. ચેલૈયો વિશેષ અટકચાળો હોવાથી તે ગામનાં છોકરાં-છોકરીઓ સાથે ભારે અડપલાં કરે અને રોજ ને રોજ તે માટેની ફરિયાદો શેઠની પાસે આવે; વળી પેલી સુસુમા પણ બરાબર ન સચવાય. એથી શેઠે તે ચેલૈયાને ઘરમાંથી કાઢી મૂક્યો. શેઠે કાઢી મૂકેલો ચેલૈયો એક ધાડપાડુની ટોળીમાં મળી ગયો, અને પોતાની શૂરવીરતાને લીધે જતે દહાડે એ, તે ધાડપાડુની ટોળીનો નાયક થયો. નાનપણમાં એણે પેલા શેઠને ત્યાં સુસુમાને રમાડેલી અને સાચવેલી; તેથી તેની સ્મૃતિ થતાં એને તે ઉપર રાગ થયો અને તેને મેળવવાની પ્રબળ વાસના થઈ આવી. આથી, તે પોતાની ટોળીને લઈને એ શેઠના ઘર ઉપર મોટો હલ્લો લઈ ગયો. ટોળીના સાથીઓને ચેલૈયાએ આગળથી જ કહી રાખેલું કે ધાડમાં જે ધન મળે તે સાથીઓનું અને પેલી 'સુસુમા'ને તો તે પોતે જ રાખશે. આ તરફ પેલી સુસુમા પણ પૂર્ણપણે યૌવનને આંગણે પહોંચી ગઈ હતી. ચેલૈયાની ટોળીએ આવીને શેઠનું સર્વસ્વ લૂંટી લીધું અને ચેલૈયો પોતે એકલી સુસુમાને લઈને નાસી ગયો. આજે જેમ બને છે તેમ જૂના વખતના શેઠ પણ પોતાનું રક્ષણ કરવા અસમર્થ હતા. શેઠને પાંચ તો મોટા જુવાનજોધ પુત્રો હતા, છતાં તેમાંનો કોઈ એ ચેલૈયાની ટોળી સામે થઈ જ ન શક્યો. આજે જેમ આપણે રક્ષણ માટે પોલીસને શરણે જવું પડે છે, તેમ તે શેઠ પોતાના નગરના કોટવાળ પાસે પોતાનું રક્ષણ માગવા ગયો અને ચોરોએ જે પોતાનું સર્વસ્વ લૂંટી લીધું છે, તે બધું પાછું આણી આપવાની કોટવાળ પાસે માગણી કરી. એટલે કોટવાળ, કોટવાળના બીજા સાથીદારો—શસ્ત્રધારી પગી વગેરે, શેઠ અને તેના પાંચે પુત્રો—એ બધા એકસાથે પેલી ધાડપાડુની ટોળીની શોધ માટે નીકળી પડ્યા. રસ્તામાં કોઈ એક સ્થળે એ બધાનો ભેટો થઈ ગયો, એટલે પેલા ચાલાક ધાડપાડુઓ ધનનાં પોટલાં મારગમાં ફેંકી દઈને પોબારા ગણી ગયા, અને એકલો ચેલૈયો સુસુમાને લઈને દૂરનો દૂર જતો રહ્યો. મારગમાં પડેલા ધનનાં પોટલાં જોઈને અને તેને ભેગા કરીને-લઈને પેલો કોટવાળ અને તેના સાથીઓ પાછા ફર્યા. શેઠે તેને કહ્યું કે "કોટવાળ સાહેબ, મારી સુસુમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યાં ?" પરંતુ કોટવાળને તો ધન ઘણું મળેલું હતું, તેથી આજના સરકારી પોલીસોની જેમ પેલા શેઠની વિનંતિ તેના કાનમાં જઈ જ ન શકી. એટલે કોટવાળ અને તેના સાથીઓ તો ધનનાં પોટલાં ઉપાડી ત્યાંથી જ પાછા ફર્યા. હવે બિચારો એકલો શેઠ અને તેના પાંચે પુત્રો, સુસુમાને લઈ જતા પેલા ચેલૈયાની પાછળ પડ્યા. પરંતુ તેઓ તેને મેળવી જ ન શક્યા. ચેલૈયાએ જાણ્યું કે, પોતે હવે વધારે દોડી શકે એમ નથી અને શેઠ તથા તેના પુત્રો પોતાની પાસે આવી પહોંચે એમ છે; એથી સુસુમાને મેળવવા આટલો બધો ઉત્પાત કરનાર ચેલૈયાએ પોતાની વહાલી સુસુમાનું માથું કાપી નાખ્યું અને એકલું માથું લઈને જ તે ઘોર જંગલમાં આગળ ને આગળ દોડી ગયો. જ્યારે શેઠે પોતાની પુત્રીનું શબ જોયું ત્યારે તે પણ શોકથી રડવા લાગ્યો. છેવટે એ શબને પડતું મૂકીને શેઠ વગેરે પોતાને ઘરે પાછા ફર્યા અને છોકરીનું ઉત્તરકારજ કર્યું. આ તરફ પેલો ચેલૈયો પોતાની વાસનાના અસાધારણ વેગમાં જે અત્યાર સુધી પોતાનું ઇષ્ટ થશે એ આશાએ અવિરત રીતે દોડી રહ્યો હતો, તે થોડો ઢીલો પડી ગયો અને પોતાની પરિસ્થિતિ વિશે મૂઢ જેવો થઈ ગયો. એવામાં તે અરણ્યમાં જ એક સાધનાપરાયણ સમભાવી સાધકને તેણે જોયો, અને હવે પોતાને શી રીતે સુખ મળે એ દૃષ્ટિથી એ સાધકને તેણે સુખનો માર્ગ બતાવવા માટે રોફથી કહ્યું અને જે કહેવાનું હોય તે તદ્દન ટૂંકમાં કહી નાખવા પણ તેણે સાધકને પડકાર્યો. સાધક 'उपशम विवेक संवर' આટલા શબ્દો બોલીને જ અદૃશ્ય થઈ ગયો. આ શબ્દોને પેલા ચેલૈયાએ સાંભળ્યા અને પછી તે, એ પ્રત્યેક શબ્દના ભાવની વિચારણામાં પડ્યો. વિચારણા કરતાં કરતાં તેને કાંઈ નવી જ સૂઝ પડી અને અત્યાર સુધી તેણે જે રસ્તે પોતાનું જીવન હંકાર્યું હતું, તેથી હવે ઊલટી જ દિશામાં જવાનો તે વિચાર કરવા લાગ્યો. અત્યાર સુધી જે સંઘર્ષ દ્વારા તેણે સમાજમાં અને પોતાના જીવનમાં ભારે ઉત્પાત મચાવેલો, તે સંઘર્ષથી તે અટકી ગયો અને શાંતિ અર્થાત્ ઓછામાં ઓછો સંઘર્ષ પણ જે જીવન જીવતાં સમૂળગો રહે નહીં તે જાતનું જીવન, વિવેક, સારાસાર, શુભાશુભ અને કાર્યાકાર્યનો વિવેક અને સંવર એટલે જે પ્રવાહ માનવને સંઘર્ષને માર્ગે વાળે છે, તે પ્રવાહને આવતો રોકી રાખવો; અને એ જ પ્રકારે મનની સ્થિતિને ઘડવી. આ રીતે એ ચેલૈયો માત્ર એ ત્રણ શબ્દની વિચારણાથી મનની સમતુલામાં આવી ગયો. હવે ગમે તે પ્રકારનું બળ તેને સંઘર્ષ તરફ ખેંચવા આવે, તો પણ તે પોતાની સમતુલાથી ખસતો નથી અને એવા બળનો સામનો કરી શકે એટલું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ મનોબળ પણ તે ધરાવી શક્યો છે.

વધારે સમજ માટે બીજો એક ચાલુ દાખલો પણ દઉં.

એક વેપારી નીતિને રસ્તે ચાલી પોતાનો ધંધો કરી રહ્યો છે, ખોટું બોલતો નથી, માલમાં સેળભેળ પણ કરતો નથી, ધર્મ, અર્થ અને કામ એ ત્રણે એકબીજાના પોષક થાય એ રીતે સાધે છે. ખર્ચ જરૂરિયાત જેટલું રાખે છે અને જરૂરિયાતો નકામી નકામી માત્ર વિલાસને અર્થે જ ન વધે તે બાબત પૂરતી કાળજી રાખી બધી પ્રવૃત્તિ કરે છે. અને તે એટલે સુધી પણ સમજી શક્યો છે કે 'જીવો અને જીવવા દો' એ જ સૂત્ર ખરું છે. પોતાના કુટુંબના જે ત્રણ કે ચાર સાથીઓ છે, તેમને પણ તેણે એ જ રીતે કેળવ્યા છે. એ કુટુંબ ધનમાં પ્રતિષ્ઠા નથી સમજતું, પરંતુ ધન પોતાની સાધનામાં જે રીતે જેટલું ઉપયોગી થાય તે દૃષ્ટિએ જ તેને મહત્ત્વ આપે છે. અને 'उपशम विवेक संवर' એ ત્રિપદીને અનુસરી તે પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવે છે. એવામાં તેણે કોઈ બીજા વેપારી પાસેથી પોતાના વેપારમાં જોઈતી કોઈ ચીજ માટે સોદો કર્યો અને ચીજ પૂરી પાડનાર વેપારી સાથે એ માટેના ભાવતાલ પણ નક્કી થયા, અને એ ભાવતાલને ધ્યાનમાં રાખીને સોદો લેનાર વેપારી, પેલા વેપારીને એ સોદો આપવા બંધાઈ પણ ચૂક્યો. એવામાં અકસ્માત રીતે એ ચીજના ભાવ, નક્કી કરેલા ભાવ કરતાં પાંચગણા વધી ગયા અને ચીજ પૂરી પાડનાર વેપારી વિશેષ ગભરાયો. આમ એ પાંચગણા ભાવે ખરીદી પેલા વેપારીએ નક્કી કરેલા ભાવે ચીજ પૂરી પાડે, તો તેનું ઘરભાર બધું જાય અને સહકુટુંબ ભારે આફતમાં આવી પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ. આ તરફ આપણા નીતિમાન અને 'उपशम विवेक संवर'ને અનુસારે પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવતા એ વેપારીએ જાણ્યું કે પોતે બીજા વેપારી પાસેથી જે ચીજ ખરીદવાનો છે, તે ચીજના દામ તો પાંચગણા થઈ ગયા છે અને એ રીતે ખરીદતાં તો સામો વેપારી ભારે હેરાન હેરાન થઈ જશે. એ પ્રકારે તે શાંત રીતે બધી પરિસ્થિતિ સમજી શક્યો અને પોતાનાં પત્ની વગેરે કુટુંબના સાથીઓને પણ તેણે એ પેલા વેપારીની વિષમ પરિસ્થિતિ સમજાવી. એટલે એ બધા ધનલોભના પ્રબળ વેગમાં ન તણાતાં પોતાના મનની સમતુલાને બરાબર સાચવી શક્યાં, અને આમાં કોઈને કશો ધક્કો ન લાગે એટલે આપણે બીજા સાથે, માત્ર એક લોભને જ ખાતર સંઘર્ષમાં ન આવવું પડે, એવો તેમણે બધાએ મળીને એક માર્ગ નક્કી કર્યો; અને તે એ કે પેલા વેપારીને બોલાવીને જણાવી દીધું કે "ભાઈ ! તારી સાથે કરેલો અમારો આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોદો રદ છે. તને એ બાબતનું કશું બંધન નથી. વળી, જ્યારે ભાવ નીચા થાય ત્યારે વાત." પણ આટલાથી જ પેલા વેપારીને કદાચ સંતોષ ન થાય એમ ધારીને આપણા નીતિમાન વેપારીએ સોદાને રદ કરવા બાબત પોતાના સહીસિક્કા સાથેનું લખાણ કરી તે વેપારીને સુપરત કર્યું. આ સોદો રદ કરવામાં જે પ્રબળ ભાવનાએ ફાળો આપ્યો છે, તેનું જ નામ ધર્મ; સમભાવ-એકાત્મતા વગેરે જે કહો તે એક જ છે.

આવી એકાત્મતાનું આચરણ માનવમાત્રમાં પ્રકટે, અને માનવ તેનો વ્યાપ પોતાની બધી પ્રવૃત્તિમાં કરે; અને તે પણ બધા ચેતનમય કે ચેતન દ્વારા નિર્માયેલા પ્રત્યેક પદાર્થ સુધી વ્યાપે. એ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને જ આપણા પૂર્વજોએ પોતપોતાનાં પ્રવચનો આપેલાં છે. તેઓ જાણતા જ નહીં, પણ અનુભવતા હતા કે જ્યાં સુધી તેમણે કહ્યા પ્રમાણેનો વ્યાપ આપણા જીવનમાં ન થાય, ત્યાં સુધી કોઈ સંઘર્ષ તલભાર પણ અટકવાનો નથી. ઉક્ત એકાત્મતાની સિદ્ધિ માટે તેઓમાંના વૈદિક મહાપુરુષે કહ્યું કે 'मा हिंस्यात् सर्वाणि भूतानि' (બધાં ભૂતોની હિંસા ન કરો), જૈન મહાપુરુષે એ જ વાત એ વખતની લોકભાષામાં કહીઃ 'धम्मो मंगलं उक्किट्ठं, अहिंसा संजमो तवो' (અહિંસા સંયમ અને તપ એ ધર્મ છે અને તે જ ઉત્કૃષ્ટ મંગલ છે). આ વાતમાં વેદોક્ત 'अहिंसा'ની સાથે સંયમ અને તપ એ બે વસ્તુ વધેલી છે. અનુભવથી એમ સિદ્ધ થયું છે, કે એકાત્મતાની સાધક એવી અહિંસાના આચરણ માટે સંયમ અને તપ એ બન્નેની જરૂર છે. સંયમ અને તપ વિના કોઈ પણ રીતે અહિંસાને સાધી-આચરી શકાતી જ નથી. આ સંયમનો અર્થ કાંઈ ગેરુવાં કે કેસરિયાં વા ધોળાં કપડાં પહેરવાં કે કપડાટ વિના જ રહેવું એટલો જ નથી, અને તપનો અર્થ ઉપવાસો કરવા કે એકાદશીઓ, ચાંદ્રાયણ વગેરે કરીને ભૂખ્યા રહેવું એ પણ નથી. આગળ કહેલા વેપારીના દાખલામાં અહિંસાને આચરનાર એ વેપારીએ પેલા સામા વેપારીને બચાવવા જે અલોભવૃત્તિ દાખવી તેનું જ નામ સંયમ; અને એ અલોભવૃત્તિ દાખવતાં જે જે ભૌતિક સુખો તેને તજવાનાં આવ્યાં, તેનું નામ તપ. એ વેપારીએ જો અલોભવૃત્તિરૂપ સંયમ ન દાખવ્યો હોત વા ભૌતિક સુખો તરફ ન લલચાતાં જે સ્થિતિ છે તે જ ચલાવી લેવાનું તપ ન આચર્યું હોત, તો કદી પણ પેલો સામો વેપારી સુરક્ષિત ન રહી શકત. આ રીતે સંયમ અને તપ એ બે અહિંસાને ચાલવાના પગ છે. એ બે પગ ન હોય તો અહિંસાનો સંભવ જ નથી. અને જ્યાં અહિંસા નથી, ત્યાં એકાત્મતાનો સંભવ પણ નથી. જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન મહાપુરુષે કહ્યું અને આચર્યું, તેમ બૌદ્ધ મહાપુરુષે પણ એ જ રીતે પોતાનો સ્વાનુભવ કહ્યો છે અને એ જ રીતે એમનું આચરણ પણ હતું.

આટલા ઉપરથી એમ ફલિત થાય છે કે બ્રહ્માંડમાં સર્વત્ર ચેતનતત્ત્વ વ્યાપ્ત છે અને સર્વત્ર સમ છે. પછી એના આવિર્ભાવનું વાહન ભલે મનુષ્ય હોય કે વૃક્ષ હોય. આમ છે માટે જ તે એકાત્મતાના અનુભવની સાધના માટે બધાં ભૂતોમાં સમદૃષ્ટિ રાખો, કોઈનું કાંઈ હરી ન લો, સાચું બોલો, જીવનશુદ્ધિમાં અને સંઘર્ષના નિરોધમાં પરિગ્રહનો જે રીતે ઉપયોગ થાય તે રીતે તેની યોજના કરો, ભોગવિલાસોને ઔષધ સમજી તથા આપણું જીવન ચલાવવાનાં જે રાચરચીલાં છે, તે બધાં કોઈ ને કોઈ રીતે ચૈતન્ય દ્વારા જ નિર્માયેલાં છે, માટે તેનો ઉપયોગ પણ ઔષધની જેમ કરો. આ અને આવાં બીજાં પ્રવચનો આપણે સારુ પૂર્વપુરુષો કહી ગયા છે, અને એ રીતે વર્તવું એનું જ નામ ધર્મ છે અને એનું જ નામ એકાત્મતા છે. આ ધર્મનું પરિણામ, તેને આચરનારો પોતાની નરી આંખે જોઈ શકે એવું હોય છે, પરંતુ એમ નથી જ હોતું કે એ ધર્મ આ જીવનમાં સાધ્યો અને તેનું પરિણામ આ જીવનમાં ન દેખાય. જ્યાં આવું હોય ત્યાં નક્કી સમજવું કે સાધકે ધર્મને સાધ્યો જ નથી, પરંતુ કોઈ ભળતી જ એવી ધર્માભાસી સાધના કરેલી છે.

ઉક્ત ધર્મને સાધવા માટે તે તે ધાર્મિક પુરુષોએ પોતે જાતે અનુભવેલી કેટલીક બાહ્ય અને આંતર પદ્ધતિઓ પણ બતાવેલી છે, જેમનું એક નામ 'કર્મકાંડ' છે. જેમકે ચિંતન, મનન, નિદિધ્યાસન, ધ્યાન, સંકલ્પશુદ્ધિ તથા યજ્ઞો, પૂજાપાઠ, તીર્થયાત્રા, સંતસમાગમ, સાધુ-સંન્યાસીની સેવા, દાનવૃત્તિ, દયાભાવવાળી પ્રવૃત્તિ વગેરે વગેરે 'કર્મકાંડો' કાળે કાળે બદલાતાં રહે છે. આચરનારની પરિસ્થિતિ પ્રમાણે તેમની યોજનાઓ થતી રહે છે. પરંતુ આમાં એક વાત એ તો જોવાની જ કે તે બધાં કર્મકાંડો તેના મૂળરૂપ ધર્મને બરાબર અનુરૂપ જ હોવાં જોઈએ. સીડીનાં પગથિયાં ઉપર ચડીને માનવ પોતાની ધારેલી જગ્યાએ પહોંચે છે, અને તો જ એ સીડીને ખરી સીડી સમજે છે. જે સીડી ઉપર ચડવા છતાં જો ધારેલી જગ્યા સુધી ન પહોંચાય, તો તે ખરી સીડી નથી જ, પરંતુ સીડીનો આભાસ કરાવે એવું બીજું જ કાંઈ છે. તેમ જે કર્મકાંડો કરતો કરતો માનવ, જે માટે તે કર્મકાંડો યોજાયાં છે તે હેતુને ન પામે અને કર્મકાંડો ચાલ્યા જ કરે, તો સમજવું કે એ ઉદ્દિષ્ટ માટેનાં સાચાં કર્મકાંડો નથી, પરંતુ કોઈ પ્રકારની ઇંદ્રજાળ છે. અહીં કર્મકાંડો કે તેની વિવિધતા વિશે કશું કહેવાનું નથી. ભલે કર્મકાંડો વિવિધ હો વા સંખ્યાતીત હો, પરંતુ તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મકાંડોનું અનુષ્ઠાન કરનાર ધર્મને પામી શકે છે કે કેમ, એ ખાસ વિશેષ રીતે વિચારવાનું છે.

કર્મકાંડોની આમ તો ભલે વિવિધ જાતો હો, પરંતુ તેના પ્રધાનતઃ બે પ્રકાર છે : એક આંતર કર્મકાંડ અને બીજું બાહ્ય કર્મકાંડ. આંતર કર્મકાંડ દ્વારા મન કેળવાય છે અને સાથે સાથે જ બાહ્ય કર્મકાંડ દ્વારા શરીર અને વાણી કેળવાય છે. કોઈ પણ સારી કે માઠી પ્રવૃત્તિનું મૂળ ઉદ્ભવસ્થાન મન છે. મનમાં જે જાતનો નિશ્ચિત સંકલ્પ હોય છે, તે જ જાતનો તેનો બહાર પડઘો પડે છે. માટે બધા શાસ્ત્રકારોએ એક મતે કહેલું છે, કે "मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः" (માણસોનું મન જ તેમનાં બંધન અને મુક્તિનું કારણ છે.) વળી, ધ્યાનપદ્ધતિના પારગામી શાક્યમુનિએ તો આગળ વધીને એમ પણ કહેલું છે કે, "मनोपुव्वंगमा धम्मा मनोसेट्ठा मनोमया" (પ્રવૃત્તિમાત્રમાં મન અગ્રેસર રહે છે, પ્રવૃત્તિમાત્રમાં મન શ્રેષ્ઠ છે અને એથી જ પ્રવૃત્તિમાત્ર મનોમય છે.)

આ ઉપરથી એક આ વાત તો સ્પષ્ટ કળાય છે, કે જીવનમાં ધર્મને ઓતપ્રોત કરવા માટે તેની સ્થાપના મનમાં કરી લેવી જોઈએ. મનમાં તે બાબત દૃઢ સંકલ્પ થવો જોઈએ. જે જે અહિંસા, સત્ય વગેરે ધર્મસાધનાના આચારો છે, તે બધા મનમાં સજ્જડ રીતે જડાઈ જવા જોઈએ. આ સિદ્ધિ માનવને મળી જાય તો તેને સહેજે ધર્મપ્રાપ્તિ પણ થઈ જ જાય. જ્યાં સુધી માનવ પોતાના મનમાં નિશ્ચિતપણે એમ ન સમજતો હોય કે 'ભૂતમાત્રમાં અને મારામાં કશો ભેદ નથી, બધાં ભૂતો તે જ હું છું અને હું છું એ જ બધાં ભૂતો છે' ત્યાં સુધી તે ખરા અર્થમાં કદી પણ અહિંસક થઈ શકતો નથી, સત્યવાદી બની શકતો નથી, ચોરીથી પોતાની જાતને દૂર રાખી શકતો નથી, પરિગ્રહનો સદુપયોગ કરી શકતો નથી અને શક્તિનો અપવ્યય કરતાં પણ તે અચકાતો નથી. પછી ભલે તે હજારો કર્મકાંડો કરે, એટલે કે તીર્થયાત્રાઓ કરે, સદાવ્રતો બાંધે, પાંજરાપોળો ચલાવે કે મોટા યજ્ઞો કરે વા મોટી મોટી પૂજાઓ રચાવે. તેનાં એ કર્મકાંડો કેવળ પ્રતિષ્ઠાનાં પોષક છે વા તેની નબળાઈનાં ઢાંકણાં છે વા તેને માટે કાલ્પનિક સંતોષ આપી શકે તેવાં બની રહે છે. ચિત્ર કાઢવા માટે હજારો પ્રયત્ન કરીને પણ પહેલાં ભૂમિશુદ્ધિ કરવી પડે છે અને તેમ થાય તો જ ચિત્રકારનો પ્રયત્ન દીપી નીકળે છે; પરંતુ ભૂમિ જ અશુદ્ધ હોય તો તો પછી, ભલેને ચિત્રકાર કુશળ હોય અને તેની પાસેનાં સાધનો સારામાં સારાં હોય, તો પણ ભૂમિદોષને લીધે ચિત્રકાર હારી જાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તે જ રીતે મનોભૂમિમાં ધર્મનું ચિત્ર કાઢવા જતાં પહેલાં તેને મનન, ચિંતન, નિદિધ્યાસન વગેરે અનેક પ્રકારની સાધનારૂપ ક્રિયાઓ દ્વારા સ્ફટિક જેવી નિર્મળ બનાવવી જોઈએ. તેમ થાય તો જ તેનાં ધર્મનું પ્રતિબિંબ બરાબર પડી શકે છે. નહીં તો ધર્મને બદલે કેવળ ધતિંગ જ તેમાં પેસી જાય છે અને તેને પરિણામે ધર્મને જ નામે હિંસા, અસત્ય, ચૌર્ય, પરિગ્રહ, અબ્રહ્મચર્ય વગેરે અનેક અપવિત્ર પ્રવૃત્તિઓ ચાલુ થઈ જાય છે. અરે ચાલુ થઈ રહી છે. છેવટે શુષ્ક વેદાંતની જેમ ધર્મ હાંસીપાત્ર બની 'હડેહડે' થવાને પાત્ર બની જાય છે, બની રહ્યો છે ! આ જોતાં ધર્મસાધકોએ બીજાં બાહ્ય ક્રિયાકાંડો કરતાં મનન વગેરે આંતર ક્રિયાકાંડો તરફ જ લક્ષ આપવું રહ્યું, અને સાથેસાથ બાહ્ય ક્રિયાકાંડો પણ તરછોડવાં ન જોઈએ. શાસ્ત્રકારોએ તો આ હકીકતને જ અનેક રીતે સમજાવી છે, સ્પષ્ટ કરી છે અને તે વિશે અનેક કથાનકો આપી તેને વધારે સરળ રીતે સમજાવવા પ્રયત્ન પણ કર્યો છે; તેમ છતાં આપણે એ સાધનરૂપ આંતર ક્રિયાઓ તરફ વધારે ને વધારે બેદરકાર રહીએ છીએ અને કેવળ જડ એવાં કર્મકાંડોને જ વળગી રહ્યા છીએ. જેને પરિણામે ધર્મ આપણામાં ભાગ્યે જ જડાયેલો જણાય છે.

આ પરિસ્થિતિ કાંઈ આજકાલની નથી, હજારો વર્ષથી ચાલી આવે છે. તેનાં બીજાં તો ઘણાં કારણો હશે, પરંતુ તેનું આ એક મહાન કારણ તો સ્પષ્ટ જણાય છે, કે બધા શાસ્ત્રકારોએ એ બાહ્ય ક્રિયાકાંડોનાં અદ્ભુત ફળો બતાવ્યાં છે. શાસ્ત્રકાર કહે છે કે યજ્ઞ કરે તે સ્વર્ગે જાય, યજ્ઞ કરે તેને લક્ષ્મી મળે, યજ્ઞ કરે તેના શત્રુઓ નાશ પામે, યજ્ઞ કરે તો પુત્ર થાય, સોમવાર કરે તેને અમુક ફળ મળે, વડની પૂજા કરે તેને પુત્ર થાય, ગંગાસ્નાન કરે તેનાં પાપ ધોવાય, પ્રયાગરાજની ત્રિવેણીમાં સ્નાન કરે તેની સદ્ગતિ થાય, કાશીમાં મરે તેની મુક્તિ થાય, રામરામ જપે તેનું વૈકુંઠગમન થાય; અરે રામરામને બદલે 'મરામરા' જપનારા પણ વૈકુંઠે પહોંચી ગયાનાં અનેક આખ્યાનો પણ છે ! ગાયને સ્પર્શ કરે તેનાં પાપ ધોવાય, બ્રાહ્મણને જમાડે તેને મહાપુણ્ય થાય, કન્યાદાન દેનાર ઘણું પુણ્ય મેળવે છે, પંચાગ્નિ તપ તપે તે રાજા થાય વગેરે વગેરે અનેક ફલાતિદેશો પેલાં બાહ્ય કર્મકાંડ સંબંધે કહેવાયેલાં છે. આ જ પ્રકારે જૈન ગ્રંથકારોએ પણ કહેલું છે, કે જે શત્રુંજય પર્વતની તરફ એક એક ડગલું ભરે તેનાં કરોડો ભવમાં કરેલાં એવાં બધાં પાપો નાશ પામી જાય, ગૌતમનું નામ લેતાં લાડી, વાડી અને ગાડી મળે, નવે નિધાન આવે, બધા રોગો ટળે, શત્રુઓ નાસી જાય, સિદ્ધચક્રની પૂજા કરનારો રાજા શ્રીપાળની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેઠે એનેક પ્રકારનાં સુખ, ભોગો, રાજ્ય વગેરે પામે. ભગવાનની ગંધથી પૂજા કરે તે સુગંધી શરીર પામે, સૌભાગ્ય પામે અને સુંદર સાથ પામે. કહે છે કે દમયંતી રાણીના કપાળમાંથી ભારે તેજ નીકળતું હતું, તેનું કારણ તેણે કોઈ એક જનમમાં ભગવાનના કપાળ ઉપર રત્નમય ટીલાં ચડાવેલાં હતાં ! રાજા કુમારપાળે ફક્ત પાંચ કે બાર કોડીનાં ફૂલો વડે ભગવંતની પૂજા કરેલી તેથી તે અઢાર દેશનું રાજ્ય પામ્યો હતો. પાંચમને દિવસે ઉપવાસ કરવાથી અને પુસ્તકોની પૂજા કરવાથી વિદ્યા મળી શકે છે. ભગવાનનાં દર્શન કરવાથી સુખસંપદા મળે છે અને નવે નિધાન પમાય છે. આઠમને દિવસે ઉપવાસ વગેરે કરી આઠમની આરાધના કરવાથી આઠ મહાસિદ્ધિઓ મળે છે. એ જ પ્રકારે એકાદશીને દિવસે ઉપવાસ વગેરે કરીને અને અગિયાર અગિયાર વસ્તુઓ મંદિરમાં કે ઉપાશ્રયમાં મૂકવાથી પણ ઘણાં ઘણાં સુખો મળે છે. આઠમ, ચૌદશ વગેરે મોટી તિથિઓમાં શાક વગેરે લીલી વસ્તુ ન ખાવાથી ઘણું પુણ્ય થાય છે. અમુક સ્તોત્રને સાંભળવાથી રોગો થતા નથી અને થવાના હોય તો તે નાશ પામે છે. પાર્શ્વનાથ ભગવાનના નામમાં એવો ચમત્કાર છે કે તેના સ્મરણથી દુઃખ દુર્ભાગ્ય વગેરે દોષો નાશ પામે છે, ગરીબાઈ ટળી જાય છે અને લક્ષ્મી વધે છે. સૂરજ ઊગ્યા પછી જ જમવાનું વ્રત કરે તેથી એટલે નમુક્કારસહિતનું પચ્ચક્ખાણ કરવાથી ઘણું નરકનું પાપ મટી જાય છે. એ જ પ્રકારે નવ વાગ્યા પછી જ ખાવાનું વ્રત લેનારનું વળી ભારે નરકનું પાપ કપાઈ જાય છે. વીતરાગની પૂજા કરનારો રાજા થાય છે, દેવ થાય છે અને ઇંદ્ર પણ એની સેવા કરે છે. જે માણસ જીવો ઉપર અનુકંપા રાખે છે તે જન્માંતરમાં લાંબુ આયુષ્ય, અરોગી શરીર, અસાધારણ રૂપ, ભારે શક્તિ, ઉત્તમ સૌભાગ્ય, અસાધારણ ભોગ, નિર્મળ જશ, આજ્ઞાંકિત પરિવાર, નાશ ન પામે તેવી લક્ષ્મી એ બધું પામે છે. આ રીતે ધર્મને પાળવાનાં છેક બાહ્ય અનુષ્ઠાનોના આવા આવા અનેક ફલાતિદેશો શાસ્ત્રકારોએ વર્ણવેલા છે અને આ રીતે ફલકથનની પદ્ધતિ આજ બે હજાર વરસથી તો ચાલી જ આવે છે. આ ફલકથનો ખોટાં જ છે એમ કહેવાનું નથી, પરંતુ તે ફલકથન કરનારા જ પોતે કહે છે કે એ બાહ્ય અનુષ્ઠાનોની અસર મનમાં ન થાય વા એનાથી મનમાં અહિંસાદિક યમનિયમોના પ્રબળ સંસ્કારો ન બેસે તો કોઈ કાળે સાધક, અતીંદ્રિય ચેતનતત્ત્વને ઓળખી શકવાનો નથી જ અને તેનું બધું કર્યું-કારવ્યું ધૂળધાણી સમજવાનું છે, અને જે ભયાનક હિંસાદિક સંઘર્ષો અટકાવવા માટે એ બાહ્ય અનુષ્ઠાનો વિહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલાં, તે જ અનુષ્ઠાનો, એ હિંસાદિક સંઘર્ષોને વધારે વેગથી જન્માવનારાં થવાનાં છે, થાય છે અને થઈ રહ્યાં છે.

આ હકીકત 'यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः' આ એક જ વાક્ય બતાવી આપે છે. ભાવશૂન્ય એટલે ચિત્તશૂન્યતાએ કરેલી બધી ક્રિયાઓ ફળતી નથી. કદાચ કોઈ કહેશે કે જે જે બાહ્ય અનુષ્ઠાનો આટલા મોટા આડંબરથી થઈ રહ્યાં છે, તે બધાં ચિત્તની શૂન્યતા હોય તો થઈ જ કેમ શકે ? વાત ખરી છે, પરંતુ અનુષ્ઠાન કરનારનું ચિત્ત એ બાહ્ય અનુષ્ઠાનના આડંબરમાં હોય છે અને ઉપરઉપરના દેખાવમાં દેખાય છે, એ માટે ચાલતા જનવાદમાં હોય છે, અને તેથી જ અનુષ્ઠાન કરનારનું ચિત્ત, એ અનુષ્ઠાનોને જ સાધ્ય સમજે છે. પરંતુ એ ભૂલી જાય છે, કે એ બધાં અનુષ્ઠાનો તો સીડી જેવાં સાધન છે, તેમના દ્વારા તો ચિત્તમાં અહિંસા, ક્ષમા, અકષાય, અલોભ, નમ્રતા વગેરે વૃત્તિઓને સ્થિર કરવાની છે, અને તે વૃત્તિઓ સ્થિર થયે એકાત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. આ જાતની ભૂલનું જ નામ ભાવશૂન્યતા-ચિત્તશૂન્યતા છે. એટલે સાધકો બાહ્ય અનુષ્ઠાનોમાં ગમે તેવો રસ લેતા હોય, છતાં ચિત્તશૂન્ય હોઈ શકે છે; અને એમ થવાથી જ એનાં એ બધાં અનુષ્ઠાનો સર્વથા નિષ્ફળ જાય છે. જેમ કોઈ માણસને અમુક એક પુસ્તક વાંચવાથી કોઈ જીવનોપયોગી વાત જાણવામાં આવી જાય અને એ વાતથી તેના જીવનનું શ્રેય પણ થાય, એટલા માત્રથી એ માણસ પુસ્તકની પૂજા કરવા મંડી જાય, વા પુસ્તક માટે મોટાં મોટાં મંદિરો બંધાવે, વા પુસ્તક ઉપર સોનું, રૂપું, હીરા, માણેક ચડાવે તથા પુસ્તક વાંચવાનાં ફળોની એક હારમાળા ગણાવે અને પુસ્તકને એવું કરી મૂકે કે તેનો બીજો કોઈ લાભ જ ન લઈ શકે; એવી સ્થિતિ, માનવજીવનને ભારે હાનિકારક છે.

એ જ રીતે ઉક્ત પ્રકારે કેવળ બાહ્ય અનુષ્ઠાનોમાં ચિત્તશૂન્યતાપૂર્વક રાચનાર માનવની ધર્મજિંદગી તેને બોજારૂપ બની જાય છે, અને જ્યારે મોટી મુસાફરી કરવાની ક્ષણ આવે છે ત્યારે તે લેશ પણ સમાધિ કે શાંતિ રાખી શકતો નથી. એટલે શાસ્ત્રકારોએ જે જે ફલાતિદેશો કહ્યા છે, તે બધાં ત્યારે જ સફળ થઈ શકે કે જ્યારે બાહ્ય અનુષ્ઠાનો કરનાર ચિત્તશૂન્ય ન હોય, વિવેકી હોય, દેશ, કાળ, ભાવ, પાત્ર, પરિસ્થિતિ બધું તેના ધ્યાનમાં હોય, અને ખરી વાત તો તેના ખ્યાલમાં એ જ હોવી જોઈએ કે એ અનુષ્ઠાનોની અસર તેના અંદરના ચિત્ત ઉપર કેવી અને કેટલી પડે છે. આવો જ અનુષ્ઠાની હોય તે શાસ્ત્રમાં વર્ણવેલાં ફળો મેળવી શકતો કલ્પી શકાય. પરંતુ માનવમાં એટલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધી લાલચ વધી ગઈ છે, ફળ પામવાની એટલી બધી ઉતાવળ આવી ગઈ છે તથા થોડામાં થોડું ખર્ચી વધારેમાં વધારે મેળવવાની જે ત્વરા આવેલી છે, તે આ અનુષ્ઠાનોમાં પણ પેસી ગઈ છે ! આને પરિણામે શાસ્ત્રકારે બતાવેલા ફલાતિદેશોનો માનવે દુરુપયોગ કર્યો છે અને ફળ મેળવવાની ધમાલમાં બાહ્ય અનુષ્ઠાનની શુદ્ધિ પણ તે જોઈ શકતો નથી; તો પછી એની આંતરવૃત્તિ તરફ તો એનું લક્ષ્ય જ કેમ જાય ? આ માટે બેચાર ઉદાહરણો જ બસ છે. વૈદિક મંદિરો અને જૈન મંદિરોમાં ઈશ્વરની ભક્તિ માટે ચામરો વપરાય છે. ચામર વડે ઈશ્વરની ભક્તિ કરીને આત્મામાં સદ્‌ગુણો મેળવવાનું લક્ષ્ય છે. એ ચામર વડે ભક્તિ કરનાર આડકતરી રીતે હજારો ચમરી ગાયોના વધને ઉત્તેજન આપે છે, તે વસ્તુ એ ભક્તના ધ્યાનમાં આજ લગી આવી જ નથી અને એ તરફ કોઈ લક્ષ્ય આપવાનું કહે તો ઊલટો તે કહેનાર 'નાસ્તિક' કહેવાય છે. હવે કહો એ ચામરથી થતી જડ ભક્તિ, ભક્તના ચિત્તમાં કોઈ સદ્‌ભાવને જગાડી શકે કે કેવળ ચમરી ગાયના વધની જ પ્રેરક થાય ?

બાહ્ય અનુષ્ઠાન કરનારાઓ જાણ્યે-અજાણ્યે એમ સમજતા લાગે છે, કે આપણે જે કાંઈ ધરમકરમ કરીએ છીએ, તે બધું ભગવાનને ચોપડે આપણે ખાતે પુણ્યરૂપે જમે થાય છે અને આપણે જ્યારે પરલોકમાં સિધાવશું ત્યારે વ્યાજ સાથે મુદ્દલ બધું આપણને પાછું મળવાનું છે. આ પરિસ્થિતિ સમાજ માટે વર્તમાન જીવનમાં ભારે ખતરનાક છે. આવી પરિસ્થિતિને લીધે જ સામાજિક સડાઓ નાબૂદ થઈ શકતા નથી, પરસ્પરનો સંઘર્ષ થોડો પણ ઓછો થતો નથી અને ધરમ તો ચાલ્યા જ કરે છે; એટલું જ નહીં, પણ વ્યક્તિઓનાં અને તેમાં વિશેષે કરીને ગભરુ લોકોનાં વર્તમાન જીવન ઉપર છીણી મુકાય છે. કેટલીયે બહેનો ભૂખમરો વેઠી વેઠીને શરીરને ઘસી નાખે છે, પેટે છોકરાંઓ પડ્યાં હોય, તો પણ તેમને ઉછેરવાની, કેળવવાની અને તેમને માટે ઘસાવાની પ્રવૃત્તિમાં તેમને કશી તપશ્ચર્યા જ લાગતી નથી. એ તો ભૂખમરામાં–ઉપવાસ, એકાદશી, શનિવાર અને સોમવારમાં જ ઘસાઈ ઘસાઈને તૂટી જાય છે. મને લાગે છે કે આ પ્રવાહ રોકવો કઠણ છે, છતાં ફલાતિદેશો કહેવાની રીત ફેરવવી જોઈએ અને વર્તમાન જીવન સાથે એ ફળોનો મેળ બેસે એ રીતે ફલાતિદેશો કહેવાવાં જોઈએ. અથવા જડ ક્રિયાઓ અને જડ અનુષ્ઠાનોની વારંવાર ભર્ત્સના જ થવી જોઈએ, તથા અનુષ્ઠાન કરનાર પોતે, અનુષ્ઠાન દ્વારા વર્તમાન જીવનમાં જ કાંઈ થોડીઘણી ગુણવત્ત મેળવી શકે, એ ઉપર જ વધારેમાં વધારે ભાર મુકાવો જોઈએ વા વર્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનમાં જ કાંઈ શ્રેયપ્રાપ્તિ થાય એવાં અનુષ્ઠાનો યોજવાં જોઈએ, તેમ જ પુણ્ય અને પાપની સમજૂતી પણ વર્તમાન જીવનમાં જ પ્રાપ્ત થતા ફળની અપેક્ષાએ જ અપાવી જોઈએ વા કાર્યકારણના વિજ્ઞાન ઉપર તે સમજૂતીનો કસ કઢાવો જોઈએ. હવે એ સમય આવી પહોંચ્યો છે, કે આપણે એ ફલાતિદેશોના કથનની જૂની રીતમાં વો પાપપુણ્યની વ્યાખ્યાની પુરાણી સમજમાં વર્તમાન જીવનને પ્રધાન સ્થાન અપાવું જોઈએ. આમ કરવામાં આપણા શાસ્ત્રકારોનો જ ભારે આદર થશે અને આપણે ઋષિઋણને ફેડી શકીશું. હિંદુ એટલે વૈદિક અને જૈન સમાજમાં તથા અહિંદુ સમાજમાં જડ અનુષ્ઠાનોની નીચે કચરાતાં અસંખ્ય ભાઈબહેનોની આપણે સેવા કરી શકીશું; એટલું જ નહીં, પણ તેમને ભયંકર શારીરિક અને માનસિક યાતનાઓમાંથી મુક્ત કરી શકીશું. એક નુકસાન તો જરૂર થશે કે જે ભાઈઓ અને બહેનો આવાં જડ અનુષ્ઠાનો દ્વારા નભતાં હશે વા ચેન ઉડાવતાં હશે, તેમને આપણે તકલીફમાં મૂકીશું; છતાં જેમ દારૂબંધી કરવાને વખતે દારૂ વેચનાર કલાલની કે દારૂ પીનારની તકલીફનો વિચાર કરવો અનાવશ્યક છે, તે જ રીતે આવાં જડ અનુષ્ઠાનોની નીચે કચરાઈ મરતાં અસંખ્ય ભાઈ-બહેનોને બચાવવાની ઉક્ત પવિત્ર પ્રવૃત્તિ કરતાં એ જડ અનુષ્ઠાનોની નીચે તાગડધિન્ના કરતા પરંતુ ભારે અનર્થ ઊભો કરનારા થોડાની તકલીફનું પાપ આપણે માથે લેવું જ પડશે. તો મારી આજના નવયુવકને નમ્ર વિનંતિ છે, કે તેણે ખૂબ સમજી, વિચારી, સમભાવ રાખી, આ પ્રવૃત્તિમાં લેશ પણ અકળાયા વિના ઝંપલાવવું જોઈએ અને અસંખ્યોના આશીર્વાદ મેળવવા જોઈએ.

— પ્રજાબંધુ ગુજરાત સમાચાર

•

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org